ન્યૂઝીલેન્ડે પાંચમી મેચ, ભારતે સિરીઝ જીતી

પાંચમી T20માં ટિમ સૈફર્ટ અને ગ્લેન ફિલિપ્સની તોફાની બેટિંગ

એડમ મિલને માત્ર 19 રન આપીને ભારતીય ટીમની 4 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી

અય્યર અને ઇશાનની અડધી સદી છતાં ભારત મોટો સ્કોર બનાવી ન શક્યું



હેમિલ્ટન, તા. 1 (પીટીઆઈ): સિરીઝની પાંચમી અને અંતિમ T20 મેચમાં ન્યૂઝીલેન્ડે શાનદાર પ્રદર્શન કરતા ભારતને 7 વિકેટે પરાજય આપ્યો છે. ભારતે અગાઉ જ પ્રથમ 3 મેચ જીતીને 3-1ની અજેય સરસાઈ મેળવી લીધી હતી અને અંતે શ્રેણી 3-2થી પોતાના નામે કરી લીધી હતી. જોકે અંતિમ મેચમાં યજમાન કિવી ટીમ વિજયી રહી હતી.

મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે શ્રેયસ અય્યર (23 બોલમાં 50 રન) અને ઈશાન કિશન (32 બોલમાં 61 રન)ની અડધી સદીની ઈનિંગ્સની મદદથી 8 વિકેટે 191 રન બનાવ્યા હતા. જોકે, એડમ મિલનની ઘાતક બોલિંગના કારણે ભારત અંતિમ ઓવરોમાં મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહ્યું હતું. એડમ મિલને માત્ર 19 રન આપીને ભારતીય ટીમની 4 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. ભારતીય ખેલાડીઓએ 14મી ઓવરથી 20 ઓવર સુધી માત્ર 57 રન ઉમેર્યા હતા.

જવાબમાં ન્યૂઝીલેન્ડે ટિમ સીફર્ટની ધમાકેદાર 93 રનની (50 બોલ) ઈનિંગ્સ અને ગ્લેન ફિલિપ્સના અણનમ 65 રનના સહારે 19.1 ઓવરમાં 3 વિકેટે 195 રન બનાવી લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. સીફર્ટે પોતાની ઈનિંગ્સમાં 11 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા.

ભારત	રન	બોલ	4	6
સેમસન કો બ્રેસવેલ બો મિલને	4	10	0	0
અભિષેક ગકો મિચેલ બો મિલને	1	2	0	0
ઈશાન કો સ્મિથ બો ટીકનર	61	32	5	5
શ્રેયસ કો સેફર્ટ બો સ્મિથ	50	23	3	4
તિલક કો એ. બો સ્મિથ	6	8	0	0
નમન કો બ્રેસવેલ બો ટીકનર	33	23	4	1
નીતીશ કો ફીલીપ્સ બો મિલને	22	17	2	1
ભુવનેશ્વર કો મિચેલ બો મિલને	6	4	1	0
પ્રિન્સ યાદવ અણનમ	0	1	0	0
અર્શદીપ સિંહ અણનમ	1	1	0	0
વધારાના	7			
કુલ 20 ઓવરમાં 8 વિકેટે	191 રન			

વિકેટ પતનઃ 1-2, 2-19, 3-112, 4-123, 5-133, 6-179, 7-185, 8-190

બોલિંગ	O	M	R	W
જેકબ ડફી	3	0	27	0
એડમ મિલને	4	0	19	4
નાથન સ્મિથ	3	0	28	2
બ્લેર ટીકનર	4	0	38	2
મિચેલ સેન્ટનર	4	0	39	0
માઈકલ બ્રેસવેલ	2	0	38	0

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
સેફર્ટ બો નીતીશ	93	50	11	5
એલેન કો ઈશાન બો અર્શદીપ	2	3	0	0
ડેરીલ કો અભિષેક બો વરૂણ	29	16	0	4
ફિલીપ્સ અણનમ	65	38	8	3
જેકોબ્સ અણનમ	1	1	0	0
વધારાના	5			
કુલ 18 ઓવરમાં 3 વિકેટે	195 રન			

વિકેટ પતનઃ 1-9, 2-82, 3-168

બોલિંગ	O	M	R	W
ભુવનેશ્વર કુમાર	4	0	41	0
અર્શદીપ સિંહ	4	0	40	1
પ્રિન્સ યાદવ	3	0	35	0
વરૂણ ચક્રવર્તી	4	0	45	1
નીતીશ રેડ્ડી	2	0	19	1
અભિષેક શર્મા	1	0	13	0

મેચના મહત્વના આંકડા અને રેકોર્ડ્સ

» **341** - ગ્લેન ફિલિપ્સે T20I દ્વિપક્ષીય સિરીઝમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો છે. ન્યૂઝીલેન્ડના આ બેટ્સમેને પાંચ મેચમાં 341 રન બનાવીને ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટનો 331 રનનો રેકોર્ડ તોડ્યો હતો.

» **4** - ગ્લેન ફિલિપ્સે દ્વિપક્ષીય T20I સિરીઝમાં સૌથી વધુ 50 પ્લસ સ્કોર (4 વખત) નોંધાવવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. આ અગાઉ પાકિસ્તાનwના મોહમ્મદ રિઝવાન અને જાપાનના સબાઓરીશ રવિચંદ્રને પણ એક સિરીઝમાં 4 વખત 50 પ્લસ સ્કોર કર્યા હતા.

» **116** - ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની T20 સિરીઝમાં કુલ 116 છગ્ગા વાગ્યા હતા, જે દ્વિપક્ષીય T20I સિરીઝમાં સંયુક્ત રીતે ચોથા સૌથી વધુ છગ્ગાનો રેકોર્ડ છે. ઓસ્ટ્રિયાના નામે જર્મની સામે સૌથી વધુ 132 છગ્ગા ફટકારવાનો રેકોર્ડ નોંધાયેલો છે.

હાયલો ઓપન: સિંધુ અને લક્ષ્યે ભારત માટે ડબલ ટાઇટલ જીત્યું

સિંધુનો ડેનમાર્કની લાઇન સામે સીધા સેટોમાં પ્રભાવશાળી વિજય

સિંધુએ સત્રનું બીજું ટાઇટલ જીત્યું

લક્ષ્ય સેને ઈન્ડોનેશિયાના જોનાથનને 21-17, 21-10થી હરોવ્યો





સારાબ્રુકેન (જર્મની), તા. 3 (પીટીઆઈ): બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ અને સ્ટાર બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેને રવિવારે હાયલો ઓપન સુપર 500 ટુર્નામેન્ટની ફાઇનલમાં પોતપોતાના મુકાબલા જીતીને ભારત માટે બેવડી ખુશી હાંસલ કરી હતી.

સિંધુએ મહિલા સિંગલ્સ ફાઇનલમાં સચોટ અને આક્રમક રમતનું પ્રદર્શન કરીને સત્રનું બીજું ટાઇટલ પોતાના નામે કર્યું છે. પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન સિંધુએ 39 મિનિટ સુધી ચાલેલી ફાઇનલમાં ડેનમાર્કની વર્લ્ડ નંબર-25 લાઇન હોજમાર્ક કજેર્સફિલ્ડને સીધા સેટોમાં 21-12, 21-14થી પરાજય આપ્યો હતો.

જુલાઈમાં જાપાન ઓપન જીતનાર અને ગયા અઠવાડિયે ફ્રેન્ચ ઓપનમાં રનર-અપ રહેલી વર્લ્ડ નંબર-8 ભારતીય ખેલાડી સિંધુએ આ જીત સાથે 9200 રેન્કિંગ પોઈન્ટ્સ મેળવીને સત્રના અંતે રમાનારી વર્લ્ડ ટૂર ફાઇનલ્સ માટે પોતાનો દાવો મજબૂત બનાવ્યો છે.

મેચની શરૂઆતથી જ બીજી ક્રમાંકિત સિંધુએ પોતાના આક્રમક શોટ્સ અને નેટ પ્લે પર પૂરો કાબૂ રાખ્યો હતો. પ્રથમ ગેમમાં હાફ-ટાઈમ બ્રેક સમયે લીડ મેળવ્યા બાદ તેણે સતત પોઈન્ટ્સ મેળવીને 21-12થી ગેમ જીતી લીધી હતી.

બીજી ગેમમાં પણ લાઇન તરફથી વાપસીના પ્રયાસો થયા હતા, પરંતુ સિંધુએ 10-6ની સરસાઇ બનાવી સતત દબાણ જાળવી રાખ્યું હતું. અંતે છ ચેમ્પિયનશિપ પોઈન્ટ્સ મેળવીને સિંધુએ 21-14થી સેટ અને ખિતાબ જીતી લીધો હતો. ત્યારબાદ પુરુષ સિંગલ્સની ફાઇનલમાં લક્ષ્ય સેને શાનદાર પ્રદર્શન કરતા ઇન્ડોનેશિયાના જોનાથન ક્રિસ્ટીને 21-17, 21-10 થી પરાજય આપીને ટાઇટલ પોતાના નામે કર્યું હતું. લાંબા સમય બાદ ટાઇટલ જીતવાથી ખુશ લક્ષ્ય સેને જણાવ્યું હતું કે આ જીતથી તેનોત્મવિશ્વાસ ઘણો વધ્યો છે અને હવે તે દિવાળી ઉજવવા તથા નવા ઘરના ગૃહપ્રવેશ માટે ઘરે પરતી જઈ રહ્યો છે.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે મલેશિયાને હરાવ્યું

કેપ્ટન હરમનપ્રીત સિંહએ ગોલની હેટ્રિક કરી, ભારતનો સતત ચોથો વિજય



જલંધર, તા. 1 (પીટીઆઈ): કેપ્ટન હરમનપ્રીત સિંહના શાનદાર ત્રણ ગોલ (હેટ્રિક) મદદથી પાંચ વખતની ચેમ્પિયન ભારતીય પુરૂષ હોકી ટીમે રવિવારે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં મલેશિયાને 4-2થી પરાજય આપીને સતત ચોથી જીત નોંધાવી છે. આ જીત સાથે જ ભારતીય ટીમે ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરી લીધું છે.

મેચની શરૂઆતથી જ ભારતીય ટીમે આક્રમક રમત દાખવી હતી. હરમનપ્રીત સિંહે (3જી, 33મી અને 58મી મિનિટ) બે પેનલ્ટી કોર્નર અને એક પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવીને પોતાની હેટ્રિક પૂર્ણ કરી હતી. જ્યારે સ્ટ્રાઇકર સુખજીત સિંહે 43મી મિનિટે શાનદાર ફીલ્ડ ગોલ કરીને ભારતની સરસાઈ વધારી હતી. મલેશિયા તરફથી અખીમુલ્લાહ અનુર (25મી મિનિટ) અને શેલો સિલ્વેરિયસે (60મી મિનિટ) ગોલ નોંધાવ્યા હતા.

પ્રથમ હાફ સુધી બંને ટીમો 1-1થી બરાબરી પર હતી, પરંતુ બીજા હાફમાં ભારતે રમત પર સંપૂર્ણ પકડ જમાવી લીધી હતી. ભારત અગાઉ બાંગ્લાદેશ, ચીન અને જાપાનને હરાવી ચૂક્યું છે.

જૂનાગઢની 14 વર્ષીય જેન્સીનું ચેન્નાઈ ઓપનમાં પ્રભાવશાળી પ્રદર્શન

જેન્સીએ પાંચમી સીડ ધરાવતી પોલેન્ડની ખેલાડી વરોનિકાને 3 સેટ સુધી ચાલેલા રોમાંચક મુકાબલામાં સખત ટક્કર આપી

ગુજરાતની દીકરીએ સંઘર્ષપૂર્ણ મેચમાં હારીને પણ દિલ જીત્યા



ચેન્નાઈ, તા. 1 (પીટીઆઈ): જૂનાગઢથી 2,000 કિલોમીટર દૂર ચેન્નાઈ પહોંચેલી 14 વર્ષીય ટેનિસ ખેલાડી જેન્સી કાનાબારે WTA 250 ચેન્ના ઓપનમાં પોતાના શાનદાર અને પ્રભાવશાળી પ્રદર્શનથી સૌના દિલ જીતી લીધા છે.

વાઈલ્ડ કાર્ડ પ્રવેશ મેળવનાર આ ડાબોડી કિશોરીએ પાંચમી સીડ ધરાવતી પોલેન્ડની અનુભવી ખેલાડી વરોનિકા ફાલ્કોવસ્કાને (વર્લ્ડ રેન્કિંગ 287) 3 સેટ સુધી ચાલેલા રોમાંચક મુકાબલામાં સખત ટક્કર આપી હતી.

ત્રણ સેટની કઠિન લડાઈમાં જેન્સીનો 2-6, 7-5, 6-3થી પરાજય થયો હતો, પરંતુ બીજા સેટમાં તેણે દર્શાવેલી લડાયકતા અને આક્રમક રમતે સ્ટેડિયમમાં ઉપસ્થિત પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. મેચ બાદ ચાહકોએ તેની પાસે ઓટોગ્રાફ પણ લીધા હતા. ઉલ્લેખનીય છે કે જેન્સીએ આ વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપન U-14 ટાઇટલ જીતીને સમગ્ર ભારતનું નામ રોશન કર્યું હતું તે આ ખિતાબ જીતનાર પહેલી ભારતીય છે.

વૈભવને પ્લેઈંગ 11માં સામેલ ન કરાયો, મારું કામ લોકપ્રિય નિર્ણયો લેવાનું નથી : ગંભીર

હેમિલ્ટન, તા. 1 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડ સામેની પાંચમી અને અંતિમ T20 મેચમાં પણ યુવા બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ 11માં સામેલ ન કરવાને કારણે ઊભા થયેલા વિવાદ અંગે ભારતીય મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સ્પષ્ટતા કરી છે. સંજુ સેમસન તથા ઈશાન કિશન જેવા ખેલાડીઓની હાજરી વચ્ચે 15 વર્ષીય વૈભવને ફરી બેન્ચ પર બેસાડવામાં આવ્યો હતો, જેને લઈને ક્રિકેટ વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. આ મામલે પ્રતિક્રિયા આપતા કોચ ગૌતમ ગંભીરે કહ્યું હતું કે, 'સૌથી પહેલાં, મારું કામ દરેકને ખુશ કરવાનું નથી. મારું કામ લોકપ્રિય નિર્ણયો લેવાને બદલે યોગ્ય અને સાચા નિર્ણયો લેવાનું છે, અને હું તેના માટે જ અહીં છું.'. ગંભીરે કહ્યું લોકપ્રિય નિર્ણય લેવો ખૂબ સરળ છે, પરંતુ ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓ વચ્ચે સુરક્ષાની ભાવના જાળવી રાખવી અને લાંબા સમયથી શાનદાર પ્રદર્શન કરી રહેલા ખેલાડીઓને પૂરતો મોકો આપવો વધુ મહત્વપૂર્ણ છે. વૈભવે આ શ્રેણીમાં માત્ર બે જ મેચ રમી હતી.

ભારત-A સામેની ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ-Aની શાનદાર વાપસી

મેથ્યુ બોયલની અણનમ સદી, ડીન ફોક્સક્રાફ્ટની અડધી સદી

ધ્રુવ જુરેલે સદી ફટકારી, આકાશ દીપની અડધી સદી

ભારતના 346 રનની સામે ન્યૂઝીલેન્ડ 3 વિકેટે 218 રન બનાવ્યા



ક્રાઈસ્ટચર્ચ, તા. 1 (પીટીઆઈ): ભારત A સામેની બીજી બિનસત્તાવાર ટેસ્ટ મેચના બીજા દિવસની રમતના અંતે ન્યૂઝીલેન્ડે ખરાબ શરૂઆત બાદ શાનદાર વાપસી કરતા 3 વિકેટે 218 રન બનાવી લીધા છે. મેથ્યુ બોયલની અણનમ સદી અને ડીન ફોક્સક્રાફ્ટની અડધી સદીની મદદથી યજમાન ટીમે મુકાબલામાં મજબૂત વાપસી કરી છે.

અગાઉ ભારત-A ટીમ પ્રથમ ઈનિંગ્સમાં 346 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કેપ્ટન ધ્રુવ જુરેલે શાનદાર બેટિંગ કરતા 105 રનની સદી ફટકારી હતી, જ્યારે આકાશ દીપે 68 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ન્યૂઝીલેન્ડ Aની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને મોહમ્મદ સિરાજ તથા મુકેશ કુમારની ઘાતક બોલિંગ સામે માત્ર 13 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી.

પરંતુ ત્યારબાદ બોયલ (અણનમ 107 રન) અને ફોક્સક્રાફ્ટે (અણનમ 80 રન) ચોથી વિકેટ માટે અદભુત અણનમ 205 રનની ભાગીદારી કરીને ટીમને સંકટમાંથી બહાર કાઢી હતી.

ભારત તરફથી મુકેશ કુમારે 2 અને સિરાજે 1 વિકેટ ઝડપી હતી. દિવસના અંતે ન્યૂઝીલેન્ડ A ટીમ હજુ પણ ભારતથી 128 રન પાછળ છે.

IWF વર્લ્ડ ચેમ્પિયનશિપ: વેઈટલિફ્ટર ઉષા પ્રથમ સ્થાને

નિંગબો (ચીન), તા. 1 (પીટીઆઈ): ચીનના નિંગબો ખાતે રમાઈ રહેલી IWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય વેઈટલિફ્ટર્સનું મિશ્ર પ્રદર્શન જોવા મળ્યું છે. મહિલાઓની 61 કિગ્રા વજન સ્પર્ધામાં ભારતીય વેઈટલિફ્ટર ઉષાએ શાનદાર પ્રદર્શન કરતા ગ્રુપ-Dમાં ટોચનું સ્થાન મેળવ્યું છે, જ્યારે અન્ય ભારતીય ખેલાડી નિરુપમા દેવી ગ્રુપ-Cમાં ચોથા સ્થાને રહી હતી. 23 વર્ષીય ઉષાએ સ્નેચમાં 93 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 119 કિગ્રા વજન સાથે કુલ 212 કિગ્રા વજન ઉઠાવ્યું હતું. આ પ્રદર્શન સાથે તે પોતાના ગ્રુપમાં પ્રથમ અને ઉચ્ચ સ્તરીય ગ્રુપ Cના કેટલાક સ્પર્ધકો કરતા પણ આગળ રહી હતી. ગ્રુપ C અને Dની સમાપ્તિ બાદ ઉષા ઓવરઓલ ત્રીજા અને નિરુપમા પાંચમા સ્થાને રહી હતી. આ વર્લ્ડ ચેમ્પિયનશિપ આગામી 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સની ક્વોલિફિકેશન સિસ્ટમનો મહત્વપૂર્ણ ભાગ છે.

સુડોકુ

૮						૩	૭	૨
		૬	૮			૫		
	૨	૯	૩	૭		૬	૮	
		૭		૯	૩	૪		૫
					૭	૯		૬
	૫	૧		૪	૬	૭	૩	૮
							૯	
૩	૯			૨	૧		૬	૪
૧	૬		૪	૩	૯		૫	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

મોં આવી જવું

મોંમા પડેલાં છાલા પીડા આપે છે.

સૌભાગ્ય પુષ્પ ચૂર્ણ ચાર ગણા મધમાં ભેળવી મોંમાં લગાડી, મો ખુલ્લું રાખી લાળ વહી જવા દેવી.

અલ્કારાઝ વિયેના ઓપનમાં ચેમ્પિયન

અલ્કારાઝે ડી મિનૌરને 6-1, 6-4થી સીધા સેટોમાં હરાવી વર્ષનું ચોથું ટાઈટલ જીત્યું



વિયના, તા. 1 (એપી): સ્પેનના સ્ટાર ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝે વિયેના ઓપનની ફાઇનલમાં એલેક્સ ડી મિનૌરને 6-1, 6-4થી સીધા સેટોમાં હરાવીને ટાઇટલ પોતાના નામે કર્યું છે.

આ સાથે અલ્કારાઝે આ વર્ષનું પોતાનું ચોથું અને કારકિર્દીનું 28મું ટાઈટલ જીત્યું છે. સાત વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા અલ્કારાઝે આ સિઝનમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને કરિયર ગ્રાન્ડ સ્લેમ પણ પૂરો કર્યો હતો.

ઓસ્ટ્રેલિયાના ડી મિનૌર સામે અલ્કારાઝની આ સતત 7મી જીત છે. તેણે ક્લે, ગ્રીન ગ્રાસ તેમજ ઈન્ડોર અને આઉટડોર હાર્ડ કોર્ટ પર ડી મિનાઉર સામે પોતાનો વિજયી રેકોર્ડ જાળવી રાખ્યો છે.

સેમિફાઈનલમાં ડી મિનૌરે ઝ્વેરેવને હરાવી અપસેટ સર્જ્યો હતો

આ પહેલાં 5મો ક્રમાંક ધરાવતો ડી મિનૌર સેમિફાઇનલમાં અલેક્ઝાન્ડર ઝ્વેરેવને હરાવીને ફાઇનલમાં પહોંચ્યો હતો. સેમિફાઇનલમાં ડી મિનાઉર સામે હારવા છતાં ઝ્વેરેવ સોમવારે રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચશે. જ્યારે બીજી સેમિફાઇનલમાં અલ્કારાઝે ડેનિલ મેદવેદેવને હરાવ્યો હતો.

મેક્સિકો ગ્રાન્ડ પ્રીક્સ: લુઈસ હેમિલ્ટને પોલ પોઝિશન જીતી

હેમિલ્ટન ફોર્મ્યુલા 1 ઇતિહાસમાં પોલ મેળવનાર પાંચમો સૌથી વધુ ઉંમરનો ડ્રાઇવર બન્યો




મેક્સિકો સિટી, તા. 1 (એપી): મેક્સિકો સિટી ગ્રાન્ડ પ્રીક્સના ક્વોલિફાઈંગ મુકાબલામાં ફેરારીના સ્ટાર ડ્રાઇવર લુઈસ હેમિલ્ટને શાનદાર પ્રદર્શન કરતા પોલ પોઝિશન હાંસલ કરી લીધી છે. શુક્રવારની પ્રેક્ટિસ દરમિયાન કારમાં પાવર લોસ જેવી મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ, સાત વખતના વર્લ્ડ ચેમ્પિયન હેમિલ્ટને શાનદાર વાપસી કરી હતી. તેણે મર્સીડીઝના જ્યોર્જ રસેલ અને ફેરારીના સાથી ખેલાડી ચાર્લ્સ લેક્લેરને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ જીત સાથે ફેરારીએ 30 રેસ બાદ પ્રથમ વખત પોલ પોઝિશન મેળવી છે.

આ સાથે જ 41 વર્ષીય હેમિલ્ટને પોતાના કરિયરની 105મી પોલ પોઝિશન મેળવીને પોતાનો જ રેકોર્ડ વધુ મજબૂત કર્યો છે. તે ફોર્મ્યુલા 1 ઇતિહાસમાં પોલ મેળવનાર પાંચમા સૌથી વધુ ઉંમરનો ડ્રાઇવર બન્યો છે. બીજી તરફ, રેડ બુલના મેક્સ વેર્સ્ટાપેનને પેનલ્ટી મળતાં કિમી એન્ટોનેલી ચોથા સ્થાનેથી શરૂઆત કરશે. હોમ રેસ રમી રહેલા સર્જિયો પેરેઝ પ્રથમ ક્વોલિફાઇંગ રાઉન્ડમાં જ બહાર થઈ ગયા હતા અને તેઓ છેલ્લાથી બીજા સ્થાનેથી રેસ શરૂ કરશે, જ્યારે ફર્નાન્ડો અલોન્સો પણ ખરાબ નસીબના કારણે શરૂઆતમાં જ બહાર થઈ ગયા હતા.

શબ્દગુંફન - ૭૨૮૫

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. આમતેમ દોડાદોડ (૫)
૪. સંદેશો (૪)
૬. ઝટ ન ઉકલી શકે એવો પ્રશ્ન (૩)
૭. જાનવર, પશુ (૪)
૯. સરખી સપાટીનું (૪)
૧૦. કાજળ (૨)
૧૧. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૨. જંગલનો પ્રદેશ (૪)
૧૬. પાસા ફેંકી ભવિષ્ય જોવની વિદ્યા (૩)
૧૮. બારી (૪)
૨૦. ગપ્પાં, સંભાષણ (૪)
૨૨. ઝરણું (૪)
૨૪. શાંતિકારક (૩)
૨૬. પારકાને તાબે, પરાધીન (૪)
૨૮. પ્રામાણિક (૫)
૨૯. અંધારિયું, કૃષ્ણપક્ષનું (૨)

ઊભી ચાવી

૧. હરખ, આનંદ (૨)
૨. માગણી (૩)
૩. ઈશારો કે સૂચના (૩)
૪. સુનિલ દત્ત - સાયરાબાનુની એક ફિલ્મ (૪)
૫. એક ગામથી બીજે ગામ જવું તે (૪)
૭. કીર્તિ, યશ (૨)
૮. મુખ, ચહેરો (૩)
૧૦. એક પોચી ગળી મિઠાઈ (૩)
૧૧. ખુશ, પ્રસન્ન (૨)
૧૨. યુક્તિ, આંટો (૨)
૧૩. ઘોડાવાળો, શૂરવીર (૩)
૧૪. નુકસાન, ઠોકર (૨)
૧૫. આદર, સન્માન (૨)
૧૭. મીઠું, ગળ્યું (૩)
૧૮. પવન (૨)
૧૯. અનાથ બાળક (૩)
૨૦. બોલ, વાચા, વાક (૨)
૨૧. ચીસ, બૂમ (૩)
૨૨. ધર્મશાળા (૩)
૨૩. વાંચવું તે (૩)
૨૪. સસલું (૨)
૨૫. રોકડું (૩)
૨૬. અન્ય, પારકું (૨)
૨૭. સોનું, પૈસો, સૂર્ય (૨)



આજનું પંચાંગ

તા. 02/11/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: આઠમ : 13:11
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-11 **યોગ :**શુભ
કરણ: તૈતિલ **નક્ષત્ર :** આશ્લેષા : 27:48 સુધી
જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
રાશિ: કર્ક (ડ.હ.) 27:48 પછી સિંહ (મ.ટ.)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:43 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:01
નવકારસી : 07:31
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 20 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો 21મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ,
રાહુ કાળ : સવારે : 07:30 થી 09:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): કાર્યસ્થળ પર માન વધે. નવા ફેરફારથી વેપારમાં લાભ થાય. ઉત્સાહજનક દિવસ રહેશે.
વૃષભ (બ,વ,ઉ,): વાણી પર કાબૂ રાખવો. આત્મવિશ્વાસથી હાથ પરનાં કામ પાર પડશે. દલાલીની આવક વધે.
મિથુન (ક,છ,ઘ,): આર્થિક બાબતે ઉતાવળ કરવી નહીં ઘરમાં અશાંતિ રહે. મોજ-શોખના ધંધામાં આવક વધશે.
કર્ક (ડ,હ,): નવા આધુનિક વિચારો અને ટેકનોલોજીના જ્ઞાનથી નવી તક મળે. નોકરીમાં પ્રમોશન મળી શકે.
સિંહ (મ,ટ,): વિરોધીઓથી સાવધાન. કોર્ટ-કચેરીમાં મદદ મળે. સમાજ સેવાનાં કામ થાય. ખર્ચા વધશે.
કન્યા (પ,ઠ,ણ,): નવા મિત્રો અને પરિચયો થી સાવધાન કોઇ પણ ઇર્ષાળુથી નુકસાન થઇ શકે છે. પ્રેમમાં તાલમેળ વધશે.
તુલા (ર,ત,): વડીલોની મદદ મળે. ઉપરી વર્ગનો સાથ મળે. સ્ત્રી વર્ગનો સાથ મળે. સમાજમાં સાવધાની રાખવી.
વૃશ્ચિક (ન,ય,): કાયદાકાનૂન સાહિત્ય, લેખન, પ્રવાસ, પર્યટન શિક્ષણ અને વિદેશને લગતાં કામમાં મદદ મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): સરકારી યોજનાથી લાભ થાય. વારસાનાં કામમાં મદદ મળે. ધાર્મિક સત્સંગમાં જવાનું બને.
મકર (ખ,જ,): રાજની આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. નોકરીમાં નવી જવાબદારી વધે. ઘરમાં અવર-જવર.
કુંભ (ગ,સ,શ,ષ,): વિજાતિય આવેગ સતાવે. સહકર્મીઓનો સાથ મળે. નોકરીમાં પ્રમોશનની શક્યતા ગુસ્સા પર કાબૂ.
મીન (દ,ચ,ઝ,થ,): વિદ્યાર્થી વર્ગને શાંતિ અનુકૂળતાનો અનુભવ થાય. ધંધા વેપાર માટે પ્રવાસ થાય. સંતાનોનાં કામ થાય.

કોઈ પણ સાલમાં 02 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર રહેશે. નોકરી ધંધા-વ્યવસાયમાં ચડતી-પડતી અને હરીફોની હેરાનગતિ વધશે. વેપારમાં નવી યોજનામાં વડીલોનો સાથ મળે. સમાજમાં માન વધે. પરિવારની અપેક્ષા વધે. ઘરનાં નાના સભ્યોની અપેક્ષાઓ સંતોષવામાં બોજ વધે. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. નોકરીમાં પ્રમોશન થવાથી સ્થાન ફેર અને જવાબદારી વધશે. નવા ઘર, વાહન, મકાન, બાબતે મદદ મળે. વારસા, જાયદાદ, જમીનના કામમાં વિઘ્નો આવે સંતાનોના કામ અભ્યાસ કેરીયરમાં મદદ મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. સ્ત્રી વર્ગને સંઘર્ષનો સામનો વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આવક વધારવાની યોજનામાં ચડતીપડતી રહે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન જુલાઈ ગુરુ સોમવારે, 02,11, 20, 29 તારીખે નવા કામ કરવા, સફેદ ક્રીમ રંગનો ઉપયોગ વધારવો જાન્યુઆરી, ફેબ્રુઆરી, 05,08, તારીખે નવાં કામ ટાળવાં, લીલા, કાળા રંગનો ઉપયોગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતા રહેવું.

યુરોપિયન ફુટબોલ: હેરી કેન ડેર ક્લાસિકરમાં ગોલ કરવામાં નિષ્ફળ; બાર્સિલોનાની ભવ્ય વાપસી



બાર્સિલોના તરફથી લેમિન યમાલ અને રાફિન્હાએ 2-2 ગોલ નોંધાવ્યા

મ્યુનિચ, તા. 1 (એપી): બલૂન ડી'ઓર એવોર્ડ જીત્યા બાદ પોતાની પ્રથમ મેચ રમવા ઉતરેલો હેરી કેન ગોલ કરવામાં નિષ્ફળ રહ્યો હતો, જ્યાં જર્મન ડેર ક્લાસિકરમાં બાયર્ન મ્યુનિક અને બોરુસિયા ડોર્ટમંડ વચ્ચેનો મુકાબલો 2-2થી ડ્રો રહ્યો હતો. મેચ પહેલાં ચાહકો સામે પોતાની આ પ્રતિષ્ઠિત ટ્રોફી પ્રદર્શિત કરનાર કેને પેનલ્ટી પર પેનલ્ટી શૂટ ગુમાવ્યો હતો અને એક શૉટ પોસ્ટ પર વાગ્યો હતો. જોકે, તેણે એક ગોલ કરવામાં મદદ કરી હતી, પરંતુ ડોર્ટમંડે 89મી મિનિટે ગોલ કરીને સ્કોર બરાબર કરી લીધો હતો.

બીજી તરફ, મિલાન ડર્બીમાં એસી મિલાને ક્રિશ્ચિયન પુલિસિક અને ડિએગો મોરેરાના શાનદાર પ્રદર્શનની મદદથી ઈન્ટર મિલાનને 3-1થી પરાજય આપ્યો હતો. લા લિગામાં બાર્સિલોનાએ શાનદાર વાપસી કરતાં અલાવેસને 6-1થી કચડી નાખ્યું હતું, જેમાં લેમિન યમાલ અને રાફિન્હાએ 2-2 ગોલ નોંધાવ્યા હતા. જ્યારે ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં માન્ચેસ્ટર યુનાઈટેડનો ચેલ્સી સામે 2-0થી અને માન્ચેસ્ટર સિટીનો બ્રાઈટન સામે 1-0થી પરાજય થયો હતો.